સુવિચાર : આપણે જ આપણું ભાવી ઘડીએ છીએ અને લોકો તેને 'નસીબ' નામ આપી દે છે - ડો. વિક્રમ સારાભાઈ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૦૯ | ૯ ઓક્ટોબર, ૨૦૧૫, શુક્રવાર ; ભાદરવા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


**તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૫૨ ટકા

## ફટાફટ ન્યુઝ

- કલકત્તા ખાતે ભારત અને દક્ષિણ આફ્રીકા વચ્ચેની ત્રીજી ટી-૨૦ મેચ વરસાદને કારણે રદ કરાઈ
- જંગલરાજ-વિકાસરાજની વચ્ચે પસંદગીનો સમય આવ્યો : મોદી
- કોલસા કાંડ મામલે વહેલી રાજીનામાની મનમોહનસિંહની કોર્ટ સમક્ષ માંગ
- ૨૦૧૫માં ઘુસણખોરીના પ્રયાસ ઘટ્યા પણ મોત વધુ
- પંજાબ પ્રાંતમાં કપાસના આશરે બે તૃતિયાંશ પાકને નુકસાન થયુ
- તેજી પર ફરી બ્રેક : સેન્સેક્સે ૨૭૦૦૦ની સપાટી ગુમાવી
- ડોલરની વિરુદ્ધ રૂપિયો ૧૧ પૈસા ઘટી બંધ રહ્યો
- કોર્પોરેટ ટેક્સ રેટમાં ઘટાડો કરવામાં આવશે : સીબીડીટી
- દોષિતો વિરુદ્ધ કાર્યવાહી કરાશે : મુલાયમસિંહ

# રાજ્ય સરકારના કર્મચારીઓને દિવાળી ભેટ

**મોંઘવારી ભથ્થામાં છ ટકાનો વધારો : વધારો પહેલી જુલાઈ ૨૦૧૫થી અમલી : મોંઘવારી ભથ્થાને ૧૧૩ ટકાથી વધારીને ૧૧૯ ટકા કરાયો : રાજ્ય સરકારની જાહેરાતથી પંચાયતના કર્મચારીઓને પણ લાભ**

અમદાવાદ,તા.૮

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ગુજરાત સરકારે રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં છ ટકાના વધારાની જાહેરાત કરી હતી. પહેલી જુલાઈ ૨૦૧૫થી અમલી બને તે રીતે આ વધારાની જાહેરાત કરાઈ છે. રાજ્ય સરકાર દ્વારા આજે સાંજે આ અંગેની જાહેરાત કરીને યાદી જારી કરાઈ હતી. ડીએ પહેલી જુલાઈથી અમલી બને તે રીતે નિર્ણય કરાયો છે. ડીએને હવે ૧૧૩ ટકાથી વધારીને ૧૧૯ ટકા કરવામાં આવ્યો છે. આજની જાહેરાત કરવામાં આવ્યા બાદથી પંચાયતના કર્મચારીઓને પણ આનો લાભ થશે.

ટૂંકા નિવેદનમાં જણાવાયું છે કે, આ નિર્ણયના પરિણામ સ્વરૂપે રાજ્યની તિજોરી ઉપર વર્ષે ૮૨૯ કરોડનો બોજ પડશે. ડીએમાં વધારાની જાહેરાતથી રાજ્ય સરકારના કર્મચારીઓમાં તહેવારના સમયમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. કર્મચારીઓને હવે મોટી રાહત મળશે.

● અનુસંધાન પાન-૭ પર

# હાર્દિકના જવાબથી હાઈકોર્ટ નાખુશ

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં પાટીદાર સમુદાયના લોકો માટે અનામત આંદોલન છેડીને ભારે ચર્ચા જગાવનાર પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલની આજે મુદત હોવાથી હાઈકોર્ટમાં ઉપસ્થિત રહ્યો હતો. હાર્દિક પટેલ હાઈકોર્ટમાં ઉપસ્થિત રહેનાર છે તેવા અહેવાલ વચ્ચે પોલીસે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી હતી. બીજીબાજુ હાર્દિક પટેલ આજે હાઈકોર્ટમાં હાજર થયો હતો. જોકે હાઈકોર્ટે હાર્દિક પટેલ દ્વારા રજુ કરવામાં આવેલા જવાબને લઈને કોર્ટ નાખુશ દેખાઈ હતી. જેથી નવુ સોગંદનામું રજુ કરવા હાર્દિક પટેલને આદેશ કરવામાં આવ્યો હતો. કોર્ટ આ મામલમાં ૨૦મી ઓક્ટોબરે વધુ સુનવણી કરશે. કોર્ટ આજે હાર્દિક પટેલ પાસે હાઈકોર્ટને મઘરાત્રે શા માટે ખોલાવી હતી તે સવાલ પણ પુછ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર રાજપૂત મહિલા સંગઠન માટેની તા. ૧૦/૧૦/૨૦૧૫ના રોજ રાજપૂત ભવન, ગાંધીનગર ખાતે અગત્યની મીટીંગનું આયોજન

શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર શહેર તથા જીલ્લામાં વસતા તમામ રાજપૂત પરિવારોમાંથી મહિલા સંગઠન માટે તથા ગરબાના પ્રોગ્રામના આયોજન માટે એક અગત્યની મીટીંગ તા. ૧૦/૧૦/૨૦૧૫ને શનિવારના રોજ શ્રી રાજપૂત સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે બપોરના ૨.૦૦ થી ૫.૦૦ સમયમાં રાખવામાં આવેલ છે. જે મીટીંગમાં રાજપૂત સમાજની વિધવા, ત્યકતા, નિરાધાર, નિઃસહાય તેમજ વૃદ્ધ મહિલાઓના સળગતા પ્રશ્નોની ચર્ચા તથા રાજપૂત મહિલાઓનો રાજકીય - સામાજીક અને રોજગાર લક્ષી યોગદાન માટેનું ચિંતન તથા સ્ત્રી સશક્તિકરણ, મહિલા લઘુઉદ્યોગ, મહિલા છાત્રાલય, મહિલા ભવન તેમજ દિકરીઓના શિક્ષણ અને રોજગારની અને સરકારી નોકરીઓમાં ભરતી માટે શિબિર તેમજ ક્રેડીટ સોસાયટીની રચના કરવાના અગત્યના એજન્ડા અને મુદ્દાઓની ચર્ચા કરવા માટે અગત્યની તાકીદ મીટીંગ નીચેના સ્થળે અને સમયે બોલાવેલ છે. તો રાજપૂત પરિવારની તમામ મહિલાઓને મોટી સંખ્યામાં હાજર રહેવા અને આગામી સમયમાં નવા કાર્યક્રમોની રૂપરેખા આપવા માટે ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવીએ છીએ.

**રાજપૂત મહિલા સંમેલનની આયોજક સમિતિ**

| | |
|---|---|
| (૧) પ્રેમબા કાળુસિંહ હાડા | (મો) ૯૯૨૪૫ ૦૫૦૭૫ |
| (૨) ભાવનાબા ભરતસિંહ રાઓલ | (મો) ૯૪૨૮૨ ૧૭૪૧૬ |
| (૩) સ્વાતિબા કે. રાઓલ | (મો) ૯૨૨૪૫ ૧૫૭૦૧ |
| (૪) મંજરીબા ટી. પરમાર | (મો) ૯૪૨૮૮ ૦૭૭૧૪ |
| (૫) મનહરબા ચાવડા | (મો) ૯૪૨૮૦ ૧૭૭૨૨ |

કરણસિંહ બી. વાઘેલા
પ્રમુખશ્રી
શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર


અમદાવાદમાં ફર્નીશીંગ- બેડશીટસ વિ. માટે
સૌથી ઓછા ભાવ
સૌથી વધારે સીલેક્શન
નવરંગપુરા, સી.જી. રોડ
SALE upto 50%
પડદા - સોફાનું કાપડ
હોમલીનન, કાર્પેટ, મેટ્રેસીસ, હેન્ડીક્રાફ્ટ્સ વિગેરે
Furnishing : 9274785033
Linen : 9375051087
પાર્કિંગ શો-રૂમ આગળ ■ દિવાળી સુધી રવિવારે ચાલુ ®
arodrape
સ્વસ્તીક સોસાયટી, મીર્ચમસાલા રેસ્ટોરન્ટ પાછળ, સી.જી.રોડ, અમદાવાદ

"ખાદી ઉત્સવ ૨૦૧૫-૧૬"
સ્થળઃ- એ.ઈ.એસ.ગ્રાઉન્ડ, ટી.વી. ટાવરની પાછળ, બોડકદેવ, અમદાવાદ.
પ્રદર્શન સમય: ૦૨ ઓક્ટોબર ૨૦૧૫ થી ૨૫ ઓક્ટોબર ૨૦૧૫ સુધી, બપોરે ૧.૦૦ થી રાત્રીની ૧૦.૦૦ સુધી
પ્રદર્શનના સ્થળેથી ગુજરાતમાં ઉત્પાદીત ખાદીની ખરીદી ઉપર... વિશેષ વળતર...
ખાદી અને ગ્રામોદ્યોગ તથા હસ્તકલા, ચર્મોદ્યોગ, માટીકામની ચીજ-વસ્તુઓની ખરીદીનું પ્રદર્શન સહ વેચાણ
ખાદી અને વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન ભારત સરકાર
ઓ. રવિ, IAS, સદસ્ય સચિવ
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ
ગ્રામ નિર્માણ ભવન, જુનાવાડજ, અમદાવાદ - ૩૮૦૦૧૩
પાર્કીંગ અને પ્રવેશ વિના મૂલ્ય /(શનિ, રવિ અને જાહેર રજાના દિવસે સમય સવારે ૧૧.૦૦ થી રાત્રીની ૧૦.૦૦ સુધી)


